જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૨૦/૦૨/૨૦૨૩ સોમવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૩૨૩/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૪ કેસ કરી, ૩૯ વ્યક્તિઓને ઝડપી, ૧૧૮ લીટર દેશી દારૂ, ૨૯૫ બોટલ ઈંગ્લીશ દારૂ, ૯૩૨ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૪૭ બિયર ટીન, ૧ ટેમ્પો અને ૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૬ કેસ કરી ૬૨ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ૮૨,૨૭૫/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૩૨૪/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૫ વ્યક્તિઓનીએ અતકાયત કરી હતી.

## વાહન અકસ્માતમાં મૃત્યુઃ- સમાચાર યાદી નં.૩૨૫/૨૦૨૩

“જે” ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ રામકૃષ્ણા ચંદ્રરામ (ઉ.વ.૫૧) (રહે.ગંગાનગર, આશાપુરી રેસીડન્સી પાસે, મહાલક્ષ્મી તળાવ વટવા) તા.૧૮/૦૨/૨૦૨૩ સવારના ૯/૩૦ વાગ્યાના સુમારે સરદાર પટેલ રીંગ રોડ રોપડા ચાર રસ્તા પાસે પોતાનુ મોટર સાયકલ ચલાવી રોડ ક્રોસ કરતા હતા ત્યારે ટ્રક નંબર જીજે.૧૨.બીડબલ્યુ.૭૭૧૬ ના ચાલકે ટ્રક પુરઝડપે અને બેદરકારીથી ચલાવી રામકૃષ્ણા નાઓના મોટર સાયકલને ટક્કર મારતા રામકૃષ્ણા ચંદ્રરામને ગંભીર ઇજાઓ થતા સારવાર અર્થે તેમને બાપુનગર સ્ટાર હોસ્પીટલ ખાતે દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૮/૦૨/૨૦૨૩ બપોરના ૪/૧૫ વાગે તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર રામકૃષ્ણા નાઓના પુત્ર સંજયકુમાર એ “જે” ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.જે.મારૂ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૩૨૬/૨૦૨૩**

**શહેરકોટડાઃ** મોહમ્મદ ઇબ્રાહીમભાઇ ગલીયાકોટવાલા (ઉ.વ.૩૨)(રહે.મુફ્ફદલ ડેવલોપર્સ, મીઠા પાણીના દરવાજા પાસે, નાલંદા સ્કુલ સામે, સરસપુર) એ અગમ્ય કારણસર તા.૧૯/૦૨/૨૦૨૩ બપોરના ૧૨/૪૫ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે રૂમાલ બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી હઠિસિંહ કેસરીસિંહ ચલાવે છે.

**વટવા જી.આઇ.ડી.સીઃ** રાજકુમાર મુન્નાભાઇ વર્મા (ઉ.વ.૨૯)(રહે.વિનોબાભાવેનગર વિંઝોલ ગામની સામે) એ અગમ્ય કારણસર તા.૧૯/૦૨/૨૦૨૩ બપોરના ૨/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે પ્લાસ્ટીકની દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા જી.આઇ.ડી.સી. પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એન.જે.પરમાર ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી